તા. ૨૧-૮-૨૦૧૫, શુક્રવાર 

ગાંધીનગર સમાચાર

## હરિની દૃષ્ટિ...




દારૂ કેટલી હદે ખોટુ કરાવે તે કાલે રાત્રે પીને ઘરે ગયા પછી ખબર પડી... મે મારી પત્નિને આઈ લવ યુ બોલી દીધું...!!

### છાલા ગામ પાસેના નેશનલ હાઈવે પર નિર્દોષ ગ્રામજનો

# અકસ્માતમાં જીવ ગુમાવે છે : તંત્રના પેટનુ પાણી હલતુ નથી

ગાંધીનગર તા ૨૦

ગાંધીનગર જિલ્લાના છાલા ગામમાંથી નેશનલ હાઈવેને જોડતો માર્ગ અકસ્માત ઝોન બની ગયો છે. છેલ્લા એક દાયકામાં માર્ગ અકસ્માતમાં અનેક નિર્દોષ ગ્રામજનોએ જીવ ગુમાવ્યો છે. ગઈકાલે પણ આ ઠેકાણે એક વ્યકિતનો ભોગ લેવાતા ગ્રામજનોમાં આઘાત સાથે ઉગ્ર આક્રોશ પ્રર્વત્યા છે. ગ્રામજનો દ્વારા આ અંગે કલેકટરને આવેદન પત્ર આપી રજુઆત કરવામાં આવશે. સ્થાનિક રહિશોમાં આ સ્થિતિ નિવારવા વાહનોની ગતિ મર્યાદા અંગે પણ યોગ્ય પગલા લેવાય તેવી માંગણી પણ ઉઠવા પામી છે.

ગાંધીનગરમાં માર્ગ સલામતીના મામલે મીંડુ ચિતરાયેલુ છે. જયારે શહેર આસપાસના જિલ્લાને જોડતા માર્ગો પણ અકસ્માતની દ્રષ્ટીએ જોખમી હોવાનુ સ્પષ્ટ થયુ છે. માર્ગ સલામતીને ધ્યાને લઈ જરૂરી આયોજન ન થતા રાહદારીઓ તેમજ આસપાસના ગ્રામજનો મહામુલી જીન્દગી ગુમાવી બેસે છે. જિલ્લાના છાલા ગામ પાસે પણ આવી જ સ્થિતિના ઉદભવી છે. ગામથી હાઈવેને જોડતો માર્ગ ગ્રામજનો માટે અત્યંત જોખમી બન્યો છે. છેલ્લા એક દાયકામાં આ માર્ગ પર અનેક રાહદારીઓએ અકસ્માતમાં જીવ ગુમાવ્યો છે. ગામથી હાઈવેને જોડતા માર્ગને અડીને નેશનલ હાઈવે પર બેફામ ગતિએ વાહનો દોડતા હોવાથી ગામના રસ્તા પરથી બહાર આવતા વાહનચાલકો અકસ્માતને ભેટે છે. આ વિસ્તારમાં બસ સ્ટેન્ડ હોવાથી પણ આમ નાગરિકોની અવર જવર વિશેષ રહે છે. જયારે પશુપાલકો માટે પણ બેફામ ગતિએ દોડતા વાહનો મુસીબતરૂપ બન્યા છે. ગઈકાલે જ આ ઠેકાણે અકસ્માતમાં એક વ્યકતિનો જીવ લેવાતા ગ્રામજનોનો આક્રોશ ચરમસીમાએ પહોંચ્યો છે. ગ્રામજનોએ આ સમસ્યા નિવારવા અગાઉ જિલ્લા પંચાયતના સત્તાધીશો સમક્ષ પણ રજુઆત પણ કરી છે. આમછતા કોઈ પગલા લેવાતા નથી. જયારે કલેકટરને પણ જાણ કરી છે. ગ્રામજનોએ ગામના સરપંચ શિવાભાઈ પટેલ સાથે પણ બેઠક કરીને આ અંગે ટુંકમાં કલેકટરને રજુઆત કરવા નિર્ણય કર્યો છે. આમછતા કોઈ પગલા નહી લેવામાં આવે તો ગ્રામજનો આંદોલનની રાહ અપનાવશે તેવી ચિમકી પણ ઉચ્ચારવામાં આવી છે. માર્ગ સલામતીની સુફીયાણી વાતો હાંકતા તંત્ર કક્ષાએથી પણ કોઈ પગલા લેવાતા નથી જયારે બીજીતરફ નિર્દોષ નાગરિકો પોતાનો જીવ ગુમાવી રહયા છે.

**છેલ્લા એક દાયકાથી જાનલેવા અકસ્માતનો સિલસિલો યથાવત અગાઉ જિલ્લા પંચાયત અને કલેકટરને રજુઆત કરીને થાકેલા ગ્રામજનો હવે આંદોલનના મુડમાં છે**

## દહેગામ નહેરુ ચોકડી પાસે નવજાત શીશુ ત્યજી માતા ફરાર

હરસોલી, તા.૨૦

દહેગામમાં એક માતાએ માની મમતાને કલંક લાગે તેવું નિર્દય અને દયનીય કૃત્ય સમાન કામ કરી પોતાના કુખે જન્મેલા ફુલ જેવા બાળકને ત્યજી ફરાર થઈ ગઈ હતી. સમાજ માટે લાંછનરૂપ કિસ્સો બનતા સ્થાનિકોએ ફિટકાર વરસાવ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર દહેગામ-અમદાવાદ માર્ગ પર નહેરુ ચોકડી વિસ્તાર આવેલો છે. જયાં ફલોર મિલ્સ પાસે એક નિર્દયી માતા વહેલી સવારે પોતાના બાળકને મુકી ફરાર થઈ ગઈ હતી. વહેલી સવારે નાનકડા રડતા માસુમ નો અવાજ સાંભળી ચાલવા નીકળેલા લોકો એકઠ થઈ ગયા હતા. તેને ઉઠાવી તુરંત ૧૦૮ એમ્બ્યુલન્સને બોલાવી શીશુને દહેગામ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં મોકલી આપ્યું હતું. જયાં તબીબો ડૉ. અમરેન્દ્ર પ્રસાદ અને ડૉ. સ્વામીનારાયણે શીશુની તાત્કાલિક સારવાર હાથ ધરી હતી. હાલ બાળક તંદુરસ્ત અને દેખરેખ હેઠળ છે. આ બનાવ અંગે દહેગામ પોલીસમાં જાણ કરવામાં આવતા પોલીસે ગુનો નોંધી શીશુને ત્યજી દેનાર માતાની શોખધોળ હાથ ધરી છે.

# કલોલમાં સ્વાઈન ફ્લુનો પોઝીટીવ કેસ

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લાના કલોલ શહેરમાંથી આજે સ્વાઈનફ્લુ પોઝીટીવનો એક કેસ મળી આવતાં આરોગ્યતંત્ર હરકતમાં આવ્યું છે. આ દર્દી હાલ અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે અને તે વેન્ટીલેટર પર છે.

સતત બદલાતા જતા હવામાનને પગલે આરોગ્યતંત્રને "સ્વાઈન ફ્લુ રિટર્ન્સ"ની તાકીદ કરવામાં આવી હતી જે ઉલ્લેખનીય છે. તાજેતરમાં ગાંધીનગર ખાતે આરોગ્ય કમિશનરે બોલાવેલી રિવ્યુ બેઠકમાં પણ તંત્રના અધિકારીઓને સતર્ક રહેવા માટે કડક તાકીદ કરવામાં આવી હતી.

કલોલમાંથી મળી આવેલ આ દર્દીની આયુ ૧૨ વર્ષની છે. આ દર્દી મસ્ક્યુલર ડિસ્ટ્રોઈપીથી પણ પિડીત હોવાનું કહેવાય છે. આ દર્દીને આજે સ્વાઈનફ્લુ પોઝીટીવ આવ્યો છે.

આરોગ્યતંત્રએ સર્વેલન્સની કામગીરી હાથ ધરી છે. આજે જિલ્લાની ટીમ કલોલની મુલાકાતે જશે તેમ જાણવા મળેલ છે.

જિલ્લામાં આ સિઝનમાં ૬૦ થી પણ વધુ સ્વાઈનફ્લુના કેસો નોંધાયા હતા. જિલ્લામાં ચોમાસા પહેલાં જ દરેક પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સ્વાઈન ફ્લુના દવાનો જથ્થો ફાળવી દેવામાં આવ્યો છે.

કલોલમાંથી મળેલા આ કેસને તંત્રએ ગંભીરતાથી લીધો છે. જિલ્લા તંત્રએ પાણીજન્ય અને વાહકજન્ય રોગચાળા માટેની આખી વ્યૂહરચના તૈયાર કરી દીધી છે.

## વૃક્ષારોપણ થકી સ્વતંત્રતા પર્વની ઉજવણી

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગરના અરણ્ય ટ્રસ્ટ દ્વારા સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે સેક્ટર-૨૮ની આરાધના સ્કૂલમાં સૌથી વધુ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. વૃક્ષારોપણનાં કાર્ય માટે જયપાલસિંહ વાઘેલા, બિમલ બ્રહ્મક્ષત્રિય, નિખિલ ઠાકર, શિવેન્દુ ઠાકર અને શંકરભાઈ ઠાકોર દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

## ખૂણે ખાંચરેથી...

● આજે કલોલ નગરપાલિકાના નવનિર્મિત નગર સેવા સદનનું પ્રભારી મંત્રીશ્રી નિતિન પટેલના હસ્તે સાંજે લોકાર્પણ થશે. રૂ. ૪ કરોડથી વધુના ખર્ચે આ સેવાસદન નિર્માણ પામ્યું છે.

● ગાંધીનગર શહેરની મધ્યમાં આવેલ ટાઉનહોલ જવા માટે જિલ્લા પંચાયત પાસેના માર્ગ પર આજે સાંજના સુમારે ડેબ્રીઝનો મોટો કચરો જોવા મળ્યો હતો જે ટ્રાફિકને પણ અડચણરૂપ હતો.

● ગાંધીનગર જિલ્લા કલેકટરશ્રી રવિશંકરે આજે બનાસકાંઠામાં અતિવૃષ્ટિ દરમ્યાન સેવાકાર્યમાં મદદરૂપ થનાર સેવાભાવી સંસ્થાઓને એક પત્ર લખી આભારની લાગણી સાથે તેમના સહયોગને બિરદાવ્યો હતો.

● ગાંધીનગર મહાનગરપાલિકાના વોર્ડ નં. ૯ના કોંગ્રેસના ઉમેદવાર શ્રી અરૂણસિંહ રાજપુત ભાજપમાં વિધિવત્ રીતે જોડાઈ ગયા છે. આ વોર્ડના જ તેમના પ્રતિસ્પર્ધી અને ડે. મેર શ્રી કાર્તિક પટેલે આજે શ્રી રાજપુત અને તેમના સાથીઓને આવકાર્યા હતા.

● ગાંધીનગર જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. દિનેશ જાગાણીએ આજે જિલ્લાની મેલેરિયાની ટીમ સાથે વિવિધ કન્સ્ટ્રકશન સાઈટોની મુલાકાત લીધી હતી તેમજ ડેન્ગ્યુ અને મેલેરિયાના બ્રીડીંગ પણ જે મળ્યા હતા તેનું નીરીક્ષણ કર્યું હતું.

● ગાંધીનગર પ્રાંત અધિકારીશ્રી રાકેશ વ્યાસે આજે વાવોલના મતદાન મથકોની મુલાકાત લીધી હતી.

● ગુજરાત યુનિવર્સિટીના એન.એસ.એસ. ઈન્ચાર્જ અધ્યાપકોનો ઓરીએનટેશન કાર્યક્રમ સાદરા ગુજરાત વિદ્યાપીઠ ખાતે યોજાઈ ગયો.

## કલેકટર કચેરી પાછળથી ડમ્પરો ચોરીમાં વોન્ટેડ એક ઝડપાયો

### રીસીવર સન્ની મોઈલા હજુ વોન્ટેડ

ગાંધીનગર, તા.૨૦

શહેરના સેકટર-૧૧ સ્થિત કલેકટર કચેરી પાછળ મેદાનમાં તંત્રએ જપ્ત કરીને મુકેલા ત્રણ ડમ્પરોની ચોરી થવા પામી હતી. આ ચોર અગાઉ પોલીસના સકંજામાં આવી ગયો હતો. સે-૭ પીએસઆઈ વી.યુ. ગડરીયા, કોન્સ્ટેબલ ધિરેન્દ્રસિંહ તથા પુષ્પેન્દ્રસિંહની ટીમ આ ગુનામાં વોન્ટેડ બે રીસીવર પૈકી એક રીસીવરને જોધપુરથી પકડી આવી છે. જોધપુરથી દુષ્યન્ન ઉર્ફે મનુ સુરેન્દ્ર શર્માની ધરપકડ કરી પુછપરછ શરુ કરવામાં આવી છે. જયારે બીજો પાલી વિસ્તારનો રીસીવર સલીમ ઉર્ફે સન્ની મોઈલા હજુ વોન્ટેડ છે.



## હેરિટેજ બાંધકામ મામલે હાઈકોર્ટે માંગેલો જવાબ

ગુજરાત હાઈકોર્ટ અમદાવાદ મહાનગરપાલિકાને કોર્ટ વિસ્તારના હેરીટેજ મકાનોની જાળવણી તથા પ્રદુષણ અને ગેરકાયદેસર બાંધકામ મામલે જવાબ રજુ કરવા આદેશ કર્યો છે. કોર્ટ વિસ્તારમાં ચાલતી સોના ચાંદીની ભઠ્ઠીઓને કારણે પ્રદુષણ ફેલાય છે. તેને લઈને જરૂરી પગલા ભરવા અને તેને અન્ય સ્થળે ખસેડવા આદેશ કર્યો છે. જેનો જવાબ તંત્રએ એક સપ્તાહમાં રજુ કરવાનો રહેશે. કોર્ટ વિસ્તારમાં જોવા મળતી ગીચતાને દુર કરવા કયા પગલા લેવા જોઈએ તે અંગે જવાબ રજુ કરવા માટે પણ આદેશ કર્યો છે.

# જાલી નોટો છાપતા ત્રણેય આરોપી ૩ દિવસના રિમાન્ડ પર

### અન્ય કોઈની સંડોવણી અને નેટવર્ક છે કે નહીં તેની તપાસ શરુ કરાઈ

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરથી પકડાયેલા રાહુલ નામના શખ્સ પાસેથી કડી મેળવીને ગાંધીનગર એસઓજીએ મુંબઈના નાલા સોપારા વિસ્તારમાં છાપો મારીને જાલી નોટોનું રેકેટ પકડી પાડીને મુંબઈથી ત્રણ સ્ટ્રગલીંગ એકટર્સની ધરપકડ કરી લીધી હતી. પકડાયેલો રાહુલ ૧૦ દિવસના રિમાન્ડ પર છે. જયારે અન્ય ત્રણેય આરોપીઓની સઘન પુછપરછ માટે કોર્ટે ત્રણ દિવસનાં રિમાન્ડ મંજુર કર્યા છે.

ગાંધીનગર એસઓજીની ટીમે ગાંધીનગર પાસેના ચિલોડા નજીકથી રાહુલ પટેલને રિક્ષાચાલકની મદદથી જાલી નોટો સાથે પકડી પાડયો હતો. જાલી નોટોના રેકેટના મુળ સુધી પહોંચવા એસજીએ કોર્ટમાંથી ૧૦ દિવસના રિમાન્ડ મેળવ્યા અને મુંબઈના નાલા સોપારા વિસ્તારમાં રેડ કરી ત્રણ સ્ટ્રગલીંગ એકટર્સ કે જેમને કામ ન મળતા આ રવાડે ચઢી ગયા હતા તેમને નોટો છાપવાની મશીનરી સાથે પકડી પાડયા હતા. મુંબઈથી ત્રણેય આરોપીઓ પ્રકાશ દુબે, ઈમરાન અને એક યુવતી માયરાને પકડી પાડયા હતા. આ સમગ્ર રેકેટમાં અન્ય કેટલાય આરોપીઓની સંડોવણી છે? મુંબઈ-ગુજરાત સિવાય અન્ય કયાંય આ નેટવર્ક પથરાયેલું છે કે નહીં? તે સહિતની સઘન પુછપરછ માટે કોર્ટમાંથી ત્રણ દિવસના રિમાન્ડ મંજર થતા એસઓજી પી.આઈ. પી.બી.ચૌહાણે ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

# ક્લિનીકલ સાયકોલોજીસ્ટ વર્ગ-૨ની ભરતી પ્રક્રિયામાં અસંતોષની લાગણી

### જીપીએસસી દ્વારા એમફિલની ડિગ્રી અને આરસીઆઈનું પ્રમાણપત્ર ફરજિયાત કરાતા ૩ હજાર ડિપ્લોમા ધારકોનું ભાવિ અંધકારમય

ગાંધીનગર, તા.૨૦

તાજેતરમાં જીપીએસસી દ્વારા કલીનિકલ સાયકોલોજીસ્ટ વર્ગ-૨ની ભરતી અંગે જાહેરાત બહાર પાડવામાં આવી છે. આ ભરતી પ્રક્રિયામાં આ વર્ષે એમ.ફિલ. ઈન કલીનિકલ સાયકોલોજી તેમજ રીહેબીલિટેશન કાઉન્સિલ ઓફ ઈન્ડિયાનું પ્રમાણપત્ર ફરજીયાત જોડવાના નિર્ણયે આશરે ૩ હજાર ઉમેદવારોના ભાવિ પર પ્રશ્નાર્થ ચિહ્ન લાગી જવા પામ્યું છે. આ બાબતે ગાંધીનગરના સંકલ્પ મનોવૈજ્ઞાનિક મંડળ દ્વારા સરકારના આરોગ્ય અને શિક્ષણ વિભાગમાં રજૂઆત કરવાનું નક્કી કરાયું છે.

ગુજરાત યુનિવર્સિટીના અનુસ્નાતક મનોવિજ્ઞાન ભવન તથા અન્ય શૈક્ષણિક સંસ્થાઓમાંથી છેલ્લા દસ વર્ષોમાં એમ.એ. સાયકોલોજી બાદ ડિપ્લોમા ઈન કલીનિકલ સાયકોલોજી એટલે કે ડીસીસીપીની પદવી ઉપરાંત અન્ય કલીનિકલ સાયકોલોજી તથા રીહેબીલિટેશન સાયકોલોજીને લગતા વિવિધ કોર્સની પરીક્ષાઓ પાસ કરનાર આશરે ત્રણ હજારથી વધારે ઉમેદવારો સરકારી નોકરી મેળવવા ઉત્સુક છે. જીપીએસસી દ્વારા કલીનિકલ સાયકોલોજીસ્ટ વર્ગ-૨ની ભરતી પ્રક્રિયામાં એમ.ફિલ.ની પદવી અને આરસીઆઈનું પ્રમાણપત્ર ફરજીયાત જોડવાનું જણાવતા આ તમામ ઉમેદવારો આપોઆપ ભરતી પ્રક્રિયામાંથી બાકાત થઈ ગયાં છે. હાલ માત્ર ગાંધીનગરની ફોરેન્સિક સાયન્સ યુનિ.માં જ એમ.ફિલ. ઈન કલીનિકલ સાયકોલોજીનું પ્રમાણપત્ર અપાય છે તેથી બાકીના વિદ્યાર્થીઓનું ભાવિ અંધકારમય થઈ જવા પામ્યું છે.

જીપીએસસીના આ નિર્ણયથી વિદ્યાર્થીઓમાં રોષની લાગણી વ્યાપી છે. વર્ષ ૨૦૦૩ અને ૨૦૦૬માં હાથ ધરાયેલી ભરતી પ્રક્રિયામાં કલીનિકલ સાયકોલોજીસ્ટ પોસ્ટ માટે લાયકાતમાં ડિપ્લોમાં ડિગ્રી માન્ય કરાયેલ હતી અને હવે તેને બાકાત કરાતા આ ઉમેદવારોએ સરકારના આરોગ્ય અને શિક્ષણ વિભાગમાં રજૂઆત કરવાનો નિર્ણય કર્યો છે.

# સિવિલના બાળકોના વોર્ડમાં ફ્રુટ વિતરણ કરાયું

ગાંધીનગર, તા. ૨૦

આધુનિક ભારતના સ્વપ્રદૃષ્ટા અને દિવંગત વડાપ્રધાન ભારતરત્ન સ્વ. શ્રી રાજીવ ગાંધીની જન્મતિથી ૨૦મી ઓગષ્ટે સમગ્ર ભારતમાં કોંગ્રેસ પક્ષ દ્વારા પ્રતિવર્ષ ઉજવવામાં આવે છે. જેના ભાગરૂપે ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ અને શહેર કોંગ્રેસ સમિતિના સંયુક્ત ઉપક્રમે ઈન્ફોર્મેશન અને ટેકનોલોજી ક્ષેત્રે ક્રાંતિ સર્જનાર અને દેશની એકતા અને અખંડિતતા કાજે જાન ન્યોછાવર કરનાર સ્વ. રાજીવ ગાંધીની જન્મતિથી વિવિધ કાર્યક્રમોના આયોજન થકી ઉજવવામાં આવી હતી.

જે અંતર્ગત સવારે ૧૧ કલાકે જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા સિવિલ હોસ્પિટલ ગાંધીનગર ખાતે ફળ અને બિસ્કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસના ઉપપ્રમુખ અને ધારાસભ્યશ્રી રાઘવજીભાઈ પટેલ,



પ્રદેશ પ્રવકતા ડૉ. હિમાંશુભાઈ પટેલ, પ્રદેશ મંત્રીશ્રી બાબુસિંહ ઠાકોર, ગાંધીનગર મનપા કોંગ્રેસ પક્ષના નેતાશ્રી ચીમનભાઈ વિંઝુડા, સિવિલ હોસ્પિટલના આર. એમ. ઓ. શ્રી કે.પી. શાહ, પી.આર.ઓ. વિગેરે હાજર રહ્યા હતા. તેમજ આ પ્રસંગે સિવિલ સર્જનશ્રીની ઉપસ્થિતિમાં સિદ્ધાર્થ લૉ કોલેજ સે.૧૬ ખાતે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

જેમાં સિદ્ધાર્થ લૉ કોલેજના આચાર્યશ્રી ડૉ. દિલીપભાઈ મેવાડા, જીતુ રાયકા, જયદીપ ઠાકોર, ભાવેશ દેસાઈ વિગેરે આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા કોંગ્રેસ કાર્યલય સે. ૨૨ ખાતે બપોરે ૨ કલાકે કેક કાપીને સ્વ. રાજીવ ગાંધીની જન્મતિથીની ઉજવણી કરવામાં આવી હતી.

સ્વ. રાજીવ ગાંધીના ચિંધેલા માર્ગે ચાલીને કોંગ્રેસ પક્ષના સંગઠનનો વ્યાપ વધારીને તેને મજબૂત કરવાના સપથ લેવામાં આવ્યા હતા. તેમજ સૂતરની આંટી પહેરાવીને સ્મરણાંજલિ અને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે જીલ્લા કોંગ્રેસ પ્રમુખ શ્રી સૂર્યસિંહ ડાભી, શહેર પ્રમુખશ્રી ડૉ. કૌશિક શાહ, પ્રદેશ પ્રવકતા ડૉ. હિમાંશુભાઈ પટેલ, પ્રદેશ મંત્રીશ્રી બાબુસિંહ ઠાકોર, દહેગામના ધારાસભ્ય શ્રીમતિ કામીનીબા રાઠોડ, માણસાના ધારાસભ્ય શ્રી અમિત ચૌધરી, મુકેશ પટેલ, ચીમનભાઈ વિંઝુડા, વિક્રમસિંહ ખાચર, જુગાજી ઠાકોર, ભૂપેન્દ્રસિંહ રાઠોડ, પૃથ્વીસિંહ રાઠોડ, બાબુજી ઠાકોર, બાબુસિંહ ઝાલા, નિખીલભાઈ રબારી, કાન્તિજી ઠાકોર, મહિલા કોંગ્રેસ પ્રમુખ ભાનુબહેન વિગેરે આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.




સમસ્ત બ્રહ્મસમાજના ઉપક્રમે તાજેતરમાં સેક્ટર-૨૩ની લગ્નવાડીમાં તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારંભ યોજાયેલ. જેમાં ગાંધીનગરના પ્રવેશ દ્વાર NFCMમાં વસતા હાસ્ય કલાકાર હરપાલસિંહ ઝાલાએ પોતાની આગવી શૈલીમાં હાસ્યની હળવી વાતો પીરસી હતી.

## ચિલોડા-શિહોલી ગ્રુપમાં શાળા ખાતે કાનૂની શિબિર યોજાઈ

ગાંધીનગર નજીક આવેલ ચિલોડા ખાતે ચિલોડા-શિહોલી ગ્રુપ માધ્યમિક શાળાના પટાંગણમાં જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ તથા શાળાના સંયુકત ઉપક્રમે કાનૂની શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય વકતા તરીકે પેરાલીગલ વોલન્ટર્સ નટુભાઈ પટેલે બાળકોના બંધારણીય મુળભૂત અધિકારો વિશે વિસ્તૃત સમજણ આપી હતી. રાજુભાઈ ગજ્જરે બંધારણીય ફરજો નાગરિક તરીકે અદા કરવા આહ્વાન કર્યું હતું. આ પ્રસંગે સુધીર દેસાઈ, સીતારામભાઈ પટેલ, જયરામભાઈ સોની વગેરેએ વિષયને અનુરુપ પ્રવચનો આપી બાળકોને પ્રોત્સાહીત કર્યા હતા. શાળાના આચાર્ય ચીમનભાઈ પટેલે સૌનો આભાર વ્યકત કર્યો હતો.

# રાજ્યના ૩૪ પરીક્ષા મથક પર રવિવારે ટેટ-૧ની પરીક્ષા લેવાશે

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા પી.ટી.સી. પાસ પ્રાથમિક શિક્ષકોની ભરતી માટે આગામી ૨૩મી ઓગષ્ટને રવિવારે રાજ્યભરના કુલ ૩૪ કેન્દ્રો પર ટેટ-૧ (ધો. ૧ થી ૫)ની સ્પર્ધાત્મક પરીક્ષા યોજાશે. જેમાં એક લાખથી વધુ ઉમેદવારો લેખિત પરીક્ષા આપશે.

રાજ્યની પ્રાથમિક શાળાઓમાં પ્રાથમિક શિક્ષકોની ખાલી જગ્યાઓ ભરવા માટે રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષાનું આયોજન કરવામાં આવે છે. રાજ્ય પરીક્ષા બોર્ડ દર વર્ષે ટેટ-૧, ટેટ-૨ અને એચ ટાટની પરીક્ષા કેલેન્ડર વર્ષ મુજબ યોજે છે. રાજ્ય પરીક્ષા બોર્ડ મારફતે રાજ્યના પી.ટી.સી. પાસ ધોરણ-૧ થી ૫ના પ્રાથમિક શિક્ષકોની ભરતી માટે આગામી ૨૩મી ઓગષ્ટને રવિવારે રાજ્યના અલગ-અલગ જિલ્લાઓમાં મળી કુલ ૩૪ પરીક્ષા મથકો પર ટેટ-૨ની સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવશે. કુલ ૧,૦૦,૧૬૬ ઉમેદવારો પરીક્ષા આપશે. જેમાં દોઢ કલાકમાં કુલ ૧૫૦ ગુણનું પ્રશ્નપત્રનું પેપર આપવાનું રહેશે. તમામ પરીક્ષા કેન્દ્રો પર બોર્ડ દ્વારા સીસીટીવી કેમેરાની મદદથી ચાંપતી નજર રાખવામાં આવશે. પરીક્ષા દરમિયાન પેપર લીક થવાની કે ચોરીની ઘટના ન ઘટે તે માટે પરીક્ષા કેન્દ્રો પર વિશેષ સ્કવોર્ડની પણ સતત નજર રહેશે. આ કામગીરીમાં સરકારી કોલેજના આચાર્યો અને વહીવટીતંત્રના વર્ગ-૧ના અધિકારીઓ જોડાશે.

# શહેરની મોટાભાગની એનીમલ હેલ્પલાઈનો માત્ર કાગળ પર

ગાંધીનગર, તા. ૨૦

શહેરના ચ-માર્ગ પર થયેલા અકસ્માતમાં અડધો કલાક સુધી ગાય તરફડીયા મારી મૃત્યુ પામી. શહેરની એનીમલ હેલ્પલાઈનો માત્ર કાગળ પર હોય તેવું લાગી રહ્યું છે. ગાયને બચાવવા માટે સ્થળ પર હાજર યુવાનોએ એનીમલ હેલ્પલાઈનોના નંબર લગાડ્યા હતા પરંતુ યોગ્ય જવાબ મળ્યો ન હતો. આખરે રોડ વચ્ચે ગાયે દમ તોડ્યો હતો.

નગરમાં સ્વૈચ્છિક પ્રાણીદયા સંસ્થાઓનો રાફડો ફાટ્યો છે. તેમાંની કેટલીક સંસ્થાઓ એનીમલ હેલ્પલાઈન ચલાવે છે. જેમાં નગરમાં કોઈપણ જગ્યાએ કોઈપણ પશુને અકસ્માત કે અન્ય કોઈ બિમારી થાય તો આ હેલ્પલાઈનો દ્વારા સેવા આપવામાં આવે છે. નગરમાં આવી અનેક હેલ્પલાઈનો ઉપલબ્ધ છે. પરંતુ કાર્યરત માત્ર થોડીક જ છે. બીજી બધી માત્ર કાગળ પર છે. ઉત્તરાયણના તહેવારોમાં તમામ હેલ્પલાઈનો પશુ-પક્ષીઓને ઈજા પહોંચે તો તુરંત કોલ કરો તેવો પ્રચાર અને પ્રસાર જોરશોરથી કરે છે. નગરજનો તે સમયે કંટાળી જાય તેટલો પ્રચાર થાય છે. પરંતુ નગરજનોના મનમાંથી તેમનો આપેલા હેલ્પલાઈન નંબર જતો નથી. ચ-માર્ગ પર થયેલા ગાયના અકસ્માત સમયે હાજર લોકોએ પોતાની પાસેના હેલ્પલાઈન નંબર લગાડ્યા હતા પરંતુ કોઈ બહારગામ છે તો કોઈ ડૉક્ટર હાજર નથી તેવા અયોગ્ય જવાબ મળે છે. ત્યાં હાજર માત્ર એક વ્યક્તિનો ફોન કાર્યરત એનીમલ હેલ્પલાઈનને લાગ્યો હતો. ડૉક્ટર અને પુરી ટીમ માત્ર ગણતરીની મિનિટોમાં હાજર થઈ હતી પરંતુ ત્યાં સુધીમાં અડધો કલાકનો સમય વીતી જતાં ગાયમાતાએ પ્રાણ ત્યજી દીધા હતા. પરંતુ અકસ્માતના થોડા સમયમાં સારવાર મળી ગઈ હોત તો કદાચ આ ગાયનો જીવ બચી જાત. કાગળ પરની હેલ્પલાઈનોના કારણે ગાયે જીવ ગુમાવવાનો વારો આવ્યો છે.

**ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લી., મહેસાણા**
**ટુંકી મુદતની જાહેર નિવિદા નં.-૦૬ (૨૦૧૫-૧૬)**

ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લી., મહેસાણા વિભાગીય કચેરી, પોલીસ ક્લબ બિલ્ડીંગ, નવા કોમ્યુનિટી હૉલ સામે, પોલીસ હેડ ક્વાર્ટર, મહેસાણા (ફોન નં. ૨૨૧૩૭૫) દ્વારા માન્ય ઈજારદારો પાસેથી સીવીલ કામોના ટેન્ડરો મંગાવવામાં આવે છે. આ કામોની વિગતવાર જાહેર નિવિદા કચેરીના નોટીસ બોર્ડ ઉપરાંત રાજ્ય સરકારશ્રીના માહિતી ખાતાની વેબસાઈટ www.statetenders.com તથા નિગમની વેબસાઈટ www.gsphc.org પર જોવા મળશે. આ કામ અંગેની વધુ વિગતો કામકાજના દિવસો દરમિયાન ઉપરોક્ત કચેરીનો સંપર્ક સાધવાથી મળી શકશે. અનુ. નં.૧ થી ૮ના ટેન્ડરો તા. ૨૧/૮/૨૦૧૫થી ઓનલાઈન ઉપલબ્ધ રહેશે. જે ઓન લાઈન સબમીટ કરવાની છેલ્લી તા. ૧/૯/૨૦૧૫ છે. તથા તેના જરૂરી દસ્તાવેજો પૂરા પાડવાની છેલ્લી તા. ૭/૯/૨૦૧૫ છે.

ક્રમાંક : નામાનિ/મહે/૧૫૯/૧૫-૧૬ — કાર્યપાલક ઈજનેર, મહેસાણા